(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. સદ્દહંતો **પતિઅંતો રોઅંતો ફાસંતો પાલંતો** અણુપાલંતો

૨. પાણભોયણાએ **બીયભોયણાએ હરિયભોયણાએ પચ્છા કમ્મિયાએ પુરે કમ્મિયાએ** અદિટ્ઠહડાએ

૩. બહુ સુભેણં **ભે દિવસો વઈક્કંતો જત્તા ભે જવણિજ્જં** ચ ભે

૪. સેવણા **વા વિ વાવન્ન કુદંસણ વજ્જણા સમ્મત્ત સદ્દહણા** એવા

૫. મત્થએ **અંજલિ કટ્ટુ એવં વયાસી નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં** જાવ સંપત્તાણં

૬. તીહિં સલ્લેહિં **માયા સલ્લેણં નિયાણ સલ્લેણં મિચ્છા દંસણ સલ્લેણં પડિક્કમામિ** ચઉહિં

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૪)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. આમોસે | **વગર પૂંજ્યા શરીર ખંજવાળવાથી** | ૨. અભ્યાખ્યાન | **ખોટું આળ ચડાવવું** |
| ૩. સહસાગારે | **ઉતાવળથી લેવા વડે** | ૪. અકરણયાએ | **નહિ કરવા વડે** |
| ૫. લક્ખ વાણિજ્જે | **લાખ, રંગ આદિનો વેપાર કર્યો હોય** | ૬. થાપણમોસો | **થાપણ ઓળવવા સંબંધી જૂઠ** |
| ૭. આગમે | **સૂત્ર, સિદ્ધાંત** | ૮. આણાએ | **વીતરાગદેવની આજ્ઞાનુસાર** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૪)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. શ્રુતજ્ઞાનને વિશે | **સુએ** | ૨. જેમ તેમ નિરર્થક બોલ્યા હોય | **મોહરિએ** |
| ૩. પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિની | **ભંડોવગરણસ્સ** | ૪. શય્યા સંબંધી કચકચ કરવાથી | **કક્કરાઈએ** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ગોચરી વખતે કોને કયા દોષ લાગી શકે છે?

**જ. ગોચરી વખતે ઉદ્ગમના ૧૬ દોષ વહોરાવનાર ગૃહસ્થથી લાગે, ઉત્પાદનના ૧૬ દોષ વહોરનાર સાધુથી લાગે, એષણાના ૧૦ દોષ ગૃહસ્થ અને સાધુ બંનેથી લાગે.**

૨. પ્રતિલેખન અને પ્રમાર્જન એટલે શું?

**જ. પ્રતિલેખન એટલે જોવું અને પ્રમાર્જન એટલે પોંજવું. સાધક પાસે રહેલા મુહપત્તિ, ગુચ્છો, રજોહરણ, વસ્ત્રો આદિનું પ્રતિલેખન કરવાનું હોય છે. પાત્રા, પાટ, પાટલા, બાજોઠ જેવી કડક વસ્તુનું પ્રમાર્જન કરવાનુ હોય છે.**

૩. આલોયણામાં મિચ્છામિ દુક્કડં કોની સાક્ષીએ લેવામાં આવે છે?

**જ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તથા પોતાની આત્માની સાક્ષીએ.**

૪. વેરાતો ઢોળાતો આહાર લે, કારણ વિના વસ્તુ માંગે, પૂજા માટે તૈયાર કરેલું ભોજન લે, પુણ્ય માટે કાઢવામાં આવેલો આહાર લે તો કયો દોષ લાગે?

**જ. પારિસાડણિયાએ, ઓહાસણભિક્ખાએ, બલિ પાહુડિયાએ, મંડી પાહુડિયાએ.**

૫. પ્રથમ શ્રમણસૂત્રનો ઉપયોગ ક્યારે કરવામાં આવે છે?

**જ. ૧) સવારે અને સાંજે પ્રતિક્રમણમાં ૨) શ્રાવક કે સાધુએ દરરોજ નિદ્રા ત્યાગ કરીને ભાવવિશુદ્ધિ માટે.**

(૫૦)

**પ્ર.૨ (અ) આગારધર્મના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. શ્રાવકને શ્રમણોપાસક શા માટે કહે છે?

**જ. શ્રાવક મન, વચન, કાયાથી સાધુ–સાધ્વીની પર્યુપાસના કરે છે, માટે શ્રાવકને શ્રમણોપાસક કહે છે.**

૨. અઢીદ્વીપમાં શ્રાવકો કયા કાળમાં હોય?

**જ. અવસર્પિણીના ત્રીજા, ચોથા, પાંચમા આરામાં અને ઉત્સર્પિણીના ત્રીજા, ચોથા આરામાં.**

૩. તુંગીયા નગરીના શ્રાવકો કેવા હતા?

**જ. નવતત્ત્વના જાણકાર, પુણ્ય–પાપના સ્વરૂપને જાણવામાં કુશળ, દેવોની સહાયતા ન ઈચ્છનાર, ધર્મનો રંગ હાડ અને મિજ્જામાં હતો.**

૪. સાધુના મહાવ્રત અને શ્રાવકના અણુવ્રતના ગુણોનું વર્ણન કયા સૂત્રમાં છે?

**જ. પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં.**

૫. ચારિત્ર ધર્મના પ્રકાર લખો.

**જ. બે – અણગાર ધર્મ અને આગાર ધર્મ.**

૬. આગમોમાં ગણધરો શું ગૂંથે છે?

**જ. આગમોમાં ગણધરો તીર્થંકરે કહેલા શ્રાવકોના જીવન ગૂંથે છે.**

૭. કયા મનુષ્ય અને તિર્યંચો શ્રાવક બની શકે?

**જ. ૧૫ કર્મભૂમિના (અઢીદ્વીપ) ગર્ભજ મનુષ્યો તેમ જ અઢીદ્વીપની અંદર અને અઢીદ્વીપની બહાર રહેલા તિર્યંચ શ્રાવકો.**

**(બ) નવતત્ત્વના આધારે જવાબ લખો. (૩૫)**

**(૧) વ્યાખ્યા લખો. (૪)**

૧. સંવર તત્ત્વ – **જીવરૂપ તળાવને વિશે, કર્મરૂપ જળ આવતા, વ્રત–પચ્ચક્ખાણ આદિ દ્વારે કરી રોકીએ તે સંવર અથવા આસ્રવ નિરોધ કરવો તે સંવર. તેનું સ્વરૂપ તે સંવર તત્ત્વ.**

૨. આરંભિયા – **જીવ કે અજીવના નિમિત્તે છકાયનો આરંભ કરે.**

૩. પરમાધામી – **ઘોર પાપ આચરણ કરવાવાળા, ક્રૂર પરિણામવાળા, પરમ અધાર્મિક દેવો.**

૪. ક્ષેત્ર દ્વાર – **તે સિદ્ધશીલા પ્રમાણે છે, સિદ્ધશિલા ૪૫ લાખ યોજનની લાંબી–પહોળી છે અને ત્રિગુણી ઝાઝેરી પરિધિ છે. ત્યાંથી ૧ જોજન ઊંચપણે છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિશે સિદ્ધ રહ્યા છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૮)**

૧. સંસારી જીવ અપેક્ષા ૧ થી ૭ ભેદ, ૧૦ મા તથા ૧૪ ભેદમાં તમારો સમાવેશ શેમાં થાય છે?

**જ. એકમાં ચૈતન્ય લક્ષણ જીવ, બેમાં ત્રસ, ત્રણમાં સ્ત્રીવેદ/પુરૂષવેદ, ચારમાં મનુષ્ય, પાંચમા પંચેન્દ્રિય, છમાં ત્રસકાય, સાતમા મનુષ્ય/મનુષ્યાણી, દશમા પંચેન્દ્રિયના પર્યાપ્તા, ચૌદમા સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તા.**

૨. પુણ્ય તત્ત્વમાં કેટલી પ્રત્યેક પ્રકૃતિનો સમાવેશ થાય છે? કઈ કઈ?

**જ. ૭ અગુરુલઘુ નામ, પરાઘાત નામ, ઉચ્છ્વાસ નામ, ઉદ્યોત નામ, આતાપ નામ, તીર્થંકર નામ, નિર્માણ નામ.**

૩. સિદ્ધના ૧૫ ભેદમાંથી એક જીવને કેટલા ભેદ લાભે? કયા કયા?

**જ. ૬ – તીર્થ સિદ્ધા અથવા અતીર્થ સિદ્ધા બેમાંથી એક, તીર્થંકર સિદ્ધા અથવા અતીર્થંકર સિદ્ધા બેમાંથી એક, ગૃહસ્થલિંગ સિદ્ધા, અન્યલિંગ સિદ્ધા, સ્વલિંગ સિદ્ધા ત્રણમાંથી એક, સ્ત્રીલિંગ સિદ્ધા, પુરુષલિંગ સિદ્ધા, નપુંસકલિંગ સિદ્ધા ત્રણમાંથી એક, પ્રત્યેકબુદ્ધ સિદ્ધા, સ્વયંબુદ્ધ સિદ્ધા, બુદ્ધબોહી સિદ્ધા ત્રણમાંથી એક, એક સિદ્ધા તથા અનેક સિદ્ધા બેમાંથી એક.**

૪. સમિતિ અને ગુપ્તિને શું કહેવાય? નામ લખો.

**જ. અષ્ટ પ્રવચન માતા. ૫ સમિતિના નામ – ઈરિયા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આયાણભંડમત્ત નિક્ખેવણયા સમિતિ, ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિતિ.**
**૩ ગુપ્તિના નામ – મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ.**

૫. વ્યાવહારિક જીવનમાં આસ્રવ તત્ત્વ અને નિર્જરા તત્ત્વને જાણીને શું કરશું? ત્રણ–ત્રણ મુદ્દા લખો.

**જ. જૈન પાઠાવલી ભાગ – ૨ પાના નં. ૧૦૯ અને ૧૧૦.**

૬. લૂખા સ્પર્શમાં કેટલા અને કયા કયા ભેદ લાભે?

**જ. ૨૩ – ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ૬ સ્પર્શ. ૮ સ્પર્શમાંથી લૂખા સ્પર્શમાં લૂખો અને ચોપડ્યો બે સ્પર્શ વર્જવા.**

**(૩) માત્ર સંખ્યા લખો.** **(૩)**

૧. એકેન્દ્રિયના ભેદ – **૨૨** ૨. યતિધર્મના ભેદ – **૧૦** ૩. કેટલા ભેદે સિદ્ધ થાય? – **૧૫**

૪. આસ્રવ તત્ત્વના વિશેષ ભેદ – **૫૭** ૫. આભ્યંતર તપના ભેદ – **૬** ૬. ધાતકીખંડમાં મનુષ્યના ભેદ – **૫૪**

**(૪) જોડકા જોડો.** **(૫)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. બંધ તત્ત્વ | ૧. ક્રિયા | **૪. અનુભાગ બંધ** |
| ૨. પાઉસિયા | ૨. વરુણ | **૧. ક્રિયા** |
| ૩. પરિમંડળ | ૩. જંબૂસ્વામી | **૫. સંઠાણ** |
| ૪. લોકાંતિક | ૪. અનુભાગ બંધ | **૨. વરુણ** |
| ૫. સ્વલિંગ સિદ્ધા | ૫. સંઠાણ | **૩. જંબૂસ્વામી** |

**(૫) નીચે આપેલા વાક્યોમાં કયા તત્ત્વનો કયો ભેદ લાભે તે લખો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. ઘીનો ત્યાગ કરવો. | **નિર્જરા તત્ત્વ, રસ પરિત્યાગ** |
| ૨. આ ધન મારું નથી. | **સંવર તત્ત્વ, અન્યત્વ ભાવના** |
| ૩. જંબૂસ્વામી એકલા જ મોક્ષે ગયા. | **મોક્ષ તત્ત્વ, એક સિદ્ધા** |
| ૪. કોઈને બે સારા શબ્દો કહેવા. | **પુણ્ય તત્ત્વ, વચન પુન્ને** |
| ૫. પાણીના નળ ખુલ્લા રાખ્યા હોય. | **પાપ તત્ત્વ/આસ્રવ તત્ત્વ, પ્રાણાતિપાત** |

**(૬) ૩૨ આગમના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. બારમું અંગસૂત્ર કયું છે? તેમાં શેનો સમાવેશ થાય છે?

**જ. દષ્ટિવાદ સૂત્ર. તેમાં ૧૪ પૂર્વનું જ્ઞાન સમાવિષ્ટ હોય છે.**

૨. મૂળ સૂત્ર એટલે શું? તે કેટલા છે?

**જ. સાધુની જીવનચર્યામાં જે મૂળરૂપે સહાયક બને છે તથા જેનું અધ્યયન સાધુ માટે સર્વ પ્રથમ જરૂરી છે, તેને મૂળ સૂત્ર કહે છે, તે ૪ છે.**

૩. સાધુના આચાર તથા વડીદીક્ષાનું વર્ણન કયા આગમમાં છે?

**જ. દશવૈકાલિક સૂત્રમાં છે.**

૪. અસજ્ઝાય કયા સૂત્રને લાગુ પડે છે?

**જ. આવશ્યક સૂત્ર સિવાયના ૩૧ સૂત્રના મૂળ પાઠને લાગુ પડે છે.**

૫. સૂયગડાંગ સૂત્રમાં શેનું વર્ણન છે?

**જ. ૩૬૩ પાખંડી ધર્મનું ખંડન અને છ દર્શન (ધર્મ) નું રહસ્ય છે.**

૬. ઉત્કાલિક સૂત્ર કોને કહેવાય?

**જ. જેનો સ્વાધ્યાય અસજ્ઝાય ટાળીને આઠે પ્રહર કરી શકાય છે.**

૭. આવશ્યક સૂત્ર કાલિક છે કે ઉત્કાલિક? તેના આવશ્યક કેટલા છે?

**જ. નો કાલિક નો ઉત્કાલિક. સામાયિક આદિ ૬ અધ્યયન (આવશ્યક) છે.**

૮. જીવ–અજીવનું વિશિષ્ટ નિરૂપણ અને સાધુ–સાધ્વીના પ્રાયશ્ચિત્ત સંબંધી વર્ણન કયા આગમમાં છે?

**જ. પ્રજ્ઞાપના સૂત્ર અને નિશીથ સૂત્ર.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મેઘ મુનિને દીક્ષાની પ્રથમ રાત્રિએ શું પરિષહ આવ્યો?

**જ. દીક્ષા પછીની તેમની પહેલી જ રાત હતી. મુલાયમ, સુંવાળું પલંગ, રજાઈઓ છોડી આજે તેમને ભૂમિ પર સંસ્તારક (પાથરણું) પાથરી શયન કરવાનું હતું. તેઓ સૌથી નાના હોવાથી તેમની પથારી દરવાજા પાસે**

**થઈ. રાત્રિનો સમય થયો. અન્ય મુનિઓ સ્વાધ્યાય પરિયટ્ટણા, ચિંતન તથા લઘુશંકા આદિ ક્રિયાઓ માટે દરવાજા પાસેથી અંદર બહાર આવતા જતા હતા. તેમાંથી કોઈ કોઈ મુનિનો હાથ તેમને અડતો, કોઈનો પગ માથાને ટકરાતો, કોઈનો પગ પેટ સાથે અથડાતો, કોઈના પગની ધૂળ તેમના પર પડતી, આ કારણે તેમને આખી રાત ઊંઘ ન આવી.**

૨. મૃગાપુત્ર જે ભોંયરામાં હતો તે ભોંયરાનું વર્ણન કરો.

**જ. ભોંયરામાંથી દુર્ગંધમય વાયુ બહાર આવવા લાગ્યો. તે ગંધ મરેલા અને સડેલા સાપ, ગાય આદિ પશુઓની અનિષ્ટ દુર્ગંધ કરતા પણ અધિક, અનિષ્ટ, એકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અસહ્ય હતી.**

૩. મૃગાપુત્ર ગર્ભમાં આવ્યા ત્યારે રાણીને શું દોહદ ઉત્પન્ન થયો?

**જ. મૃગાપુત્રનો જીવ માતાના ઉદરમાં આવ્યો તે દિવસથી મૃગારાણી પતિને અપ્રિય થઈ ગઈ. રાણીની તરફ રાજા જોતા પણ નહોતા. આ ગર્ભને કારણે રાણીની પીડા પણ વધી ગઈ હતી.**

૪. મેરુપ્રભ હાથીના પગ નીચે કોણ હતું? હાથીએ શું વિચાર કર્યો? દાવાનળ કેટલા દિવસે શાંત થયો? હાથીએ કયું આયુષ્ય બાંધ્યું?

**જ. સસલું. હાથીએ વિચાર કર્યો કે – જો હું પગ નીચે મૂકીશ તો આ બિચારું સસલું કચડાઈને મરી જશે. અઢી દિવસે શાંત થયો. હાથીએ મનુષ્યનું આયુષ્ય બાંધ્યું.**

૫. શક્રેન્દ્રનો વૈભવ જોઈને દશાર્ણભદ્ર રાજા શું સમજી ગયા?

**જ. મનુષ્ય ગમે તેટલો દેખાડો કરે પણ જગતમાં પોતાનાથી કોઈને કોઈ વધારે શક્તિવાન, કાંતિવાન ને ઋદ્ધિથી સંપન્ન વ્યક્તિ હોય છે, માટે મનુષ્યે પોતાને મળેલી શક્તિ કે પૈસાનું અભિમાન ન કરવું જોઈએ.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. વક્તું ........ ભુજાભ્યામ્. | **પાના નં. ૧૨૪ કડી ૪** |
| ૨. મત્વેતિ નાથ ......... બિન્દુઃ. | **પાના નં. ૧૨૫ કડી ૮** |
| ૩. સુબાહુ ......... અધિકાર. | **પાના નં. ૧૨૫ કડી ૮૪/૮૫** |
| ૪. ચોવીસે..... કાળ. | **પાના નં. ૧૨૭ કડી ૧૦૭/૧૦૮** |
| ૫. પ્રભાવાદિક ......... ફંદ. | **પાના નં. ૧૨૬ કડી ૯૩/૯૪** |

**જય – જિનેન્દ્ર**